સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૬ / શુમારો : ૮
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
કુલ પાના - ૧૨

# الهادي
THE GUIDE
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
તા. ૧ શાબાનુલ કરીમ ૧૪૨૯ હી., ૨-૮-૨૦૦૮

## -::: બરાત-આઝાદી :::-

ઈન્સાનની તબીઅત એ મુજબ છે કે, એ હર વક્ત આઝાદ રહેવા ચાહે છે. કોઈની બંદિશમાં રહેવું એને ગમતું નથી. પોતાની મરઝી મુજબ કોઇ પણ વક્ત કોઈ પણ કામ કરવા એ શૌક રાખે છે. કોઈ દખલગીરી કરે તો ગુસ્સામાં આવી જાય છે, અને પોતાની મરઝીને ખિલાફ કામ થાય તો એની તબીઅતમાં બીગાડ પૈદા થાય છે. પણ ઈન્સાન જાણે છે કે, ન એ પોતે કોઈને પૈદા કરે છે ન કોઈને મૌત આપે છે. એ સમઝે છે કે, એ પોતે એક મખ્લૂક છે અને એનો ખાલિક કોઈ છે જે એના કરતા અઝીમ તાકત ધરાવે છે. ઈન્સાનની પોતાની મરઝી પર એના ખાલિકની રઝા ઝરૂરી છે. **એ તો બધું જ ચાહે મગર એના જિસ્મો જાનના માલિકનું ચાહવું લાઝિમ છે.**

જો ઈન્સાનને દુનિયામાં પોતાની મરઝી મુતાબિક છોડી મુકવામાં આવે તો આ દુનિયામાં ફિસાદ, ફત્નો, ફિસ્કો ફુજૂર, શયતાનીયત, હરામકારી, બદઅખ્લાકી સિવાય બીજું કઈ બાકી ન રહે. ઈન્સાન એ હદ તક બેહકી જાય, બેપરવાહ થઈ જાય અને મનમાનીની છાકમાં આવીને બદ-સુલૂકી પર ઉતરી આવે કે બીજા લોગો અને બીજી મખ્લૂકાતનું દુનિયામાં રહેવું દુશ્વાર થઈ જાય.

ઈન્સાન પોતે કન્ટ્રોલમાં રહે, નૈકસીરત અને ભલો બને તે વાસ્તે ખાલિકે અકબર અલ્લાહતઆલાએ ચંદ ચીઝોનો અમર પોતાના હાથમાં રાખેલો છે. શરીઅત અને દીનને એ મુજબ બનાવું છે કે જેને તાબેઅ થાવામાં ઈન્સાનની તબીઅત એને સાથ આપે, એને ઈન્સાનીયત શીખાવીને હયવાનીયત ના દાએરાથી બાહર કાઢે તે વાસ્તે એના જેવી જ તબીઅત-મિઝાજના અંબિયાને પણ મોકલા જેનાથી એ નસીહત-શીખામણ લઈ શકે. એક એવો પાકીઝા, મુકમ્મલ અલ્લાહની શરીઅતનો ઢાંચો અંબિયાએ તૈયાર કીધો જેમાં અગર કોઈ ઢલી જાય તો એની ખુશી અલ્લાહની ખુશી બની જાય અને એનો સબર અલ્લાહથી હુસુલે સવાબ બની જાય.

દુનિયામાં ઈન્સાનની આઝાદી અને બદસૂલૂકી એને એની મૌત બાદ અલમનાક અઝાબની બંદિશમાં જકડી નાંખશે. આના બરઅકસ દુનિયામાં ઈન્સાન વાસ્તે અલ્લાહના દીનના અહકામના મઝબૂત કિલ્લાની બંદિશ એને એની મૌત બાદ આઝાદી આપી દેશે. આ આઝાદી એની સાચી આઝાદી હશે જે એને અલ્લાહના અઝાબ-ગઝબથી છોડાવશે, જહન્નમની આગના ખૌફથી બરાત હાસિલ કરાવશે. શરીઅત હમને શાઅબાનુલ કરીમ મહીનામાં હમારા ગુનાહોની તૌબા કરીને પાકો સાફ થાવાનો એક સુનેહરો મૌકો આપે છે. આ મુબારક મૌકાને હમેં શબે બરાત યા લયલતુન્નિસ્ફ કહીએ છીએ. આ રાતે ૧૪-૧૪ વાર સૂરતો પઢીને, ૧૪ રકાતના ભારીમાં ભારી વશૈક પઢીને મુમેનીનના દિલો ખુશીથી પુર થઈ જાય છે. સબબ કે, એની ઝિંદગીની કિતાબનો એક નવો સફહો વરક-પેજ ખુલે છે, એનો પાછલો હિસાબ-કિતાબ એની પુરખુલૂસ ઈબાદત અને તૌબાના સબબ અલ્લાહ ગફૂરૂર્રહીમ એની નાની-નાની ખતાઓ-કોતાહીઓને માંજી નાખે છે.

આ રાતની ઈબાદતની બરકતથી મુમિન પોતાના ગુનાહોની નાપાકીથી આઝાદ થઈ જાય છે, છુટકારો મેલવી લે છે, હલકાશનો એહસાસ કરે છે. આ રાતનો ઊંચામાં ઊંચો પયગામ એ છે કે, જ્યાં તક તમેં શયતાનને નહીં ભગાવો ત્યાં તક તમેં રેહમાનની રેહમતના હકકદાર નહીં થાવ. **નાપાકીને દૂર કરશો તો ખુદ-બ-ખુદ પાક થઇ જાશો.** તૌબા કરીને ગુનાહને મંજાવશો તો જ ઈબાદતનો કોઈ મતલબ છે. શરીઅતમાં પહેલે બરાત છે પછી વલાયત છે. બરાતનો મતલબ પહેલે આઅદાઉલ્લાહ યાઅની અલ્લાહતઆલાની દાઅવતના દુશ્મનોથી છેડો ફાડવાનો છે,

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**બાબરકત દૌલત, ખોટી તમન્નાઓને છોડી દેવું છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* **બરાત-આઝાદી.....**

રિશ્તો તોડવાનો છે પછી ઔલિયાઉલ્લાહ યાઅની અલ્લાહતઆલાની દાઅવતના વલીઓ સાથેની વલાયત-અકીદત કામ લાગશે. શયતાની લોગોની સોહબત જે પૈશાબની બદબૂ જેવી છે, તેનાથી બચવું જ તમને રેહમાની લોગોની મોહબ્બત-જે ગુલાબની ખુશ્બૂ જેવી છે - તેમની તાબેદારી તરફ લઈ જાશે. બદબૂ દૂર કીધા બગૈર શું ખુશ્બૂ નો લુત્ફ માની શકાય ખરો ? હરગીઝ નહીં !

મુમેનીન પોતાની રોઝમર્રાની ઝિંદગીમાં ફજરથી લઈને રાત તક બેશુમાર વક્ત આ બરાત અને વલાયતના અમલને અદા કરે છે. વુઝૂમાં ઈસ્તિન્જા કરવું તે દુશ્મનાને દીનથી બરાત છે અને તેને પછીના અરકાનમાં જિસ્મના બીજા આઅઝાને ગુસ્લો મસહ કરવું તે વલાયતે ઔલીયાઉલ્લાહ છે. જેમ ઈસ્તિન્જા ન કરીએ તો વુઝૂના બીજા અરકાન કુસૂરવાલા ઠહરે તેમ બરાત બગૈર વલાયતનો રૂકન કાસિર થાય છે. બયતુલ ખલામાં ડાબો પગ આગલ કરીને જાવાનું ફરમાન છે જે બરાત મુજબ છે અને નીકલે તે વક્ત જમનો પગ આગલ કરે તે વલાયત મુજબ છે. ફરઝની નમાઝની નિય્યત લીધા બાદ **"વજ્જહતો વજહી ...."** ની દોઆ પઢાય છે જે બરાત મુજબ છે અને પછીની નમાઝ વલાયત મુજબ છે. ફજરના સુન્નત પછી **"ઇસ્તમસકતો બે ઉરવતિલ્લાહ"** ની દોઆનો અવ્વલ હિસ્સો બરાત છે અને પછીની દોઆ વલાયત છે. **"બિસ્મિલ્લાહ"** વલાયત પર દલાલત કરે છે, પણ તેના પહેલા **"અઊઝો બિલ્લાહ"** બરાત તરફ ઈશારો કરે છે. અલ્લાહતઆલાનું ફરમાન છે કે, તમેં કુરઆન પઢો તો પહેલા **"અઊઝો બિલ્લાહ"** પઢીને શયતાનથી નજાત હાસિલ કરો. **દુનિયાથી મોહબ્બત નહીં કરવી એ બરાત છે અને આખેરતનો શૌક કરવો એ વલાયત છે. મઝહબે આલે મોહંમદ (સ.અ.) ના મુન્કિરો પર લાઅનત બોલવી બરાત છે અને નબીયુલ્લાહ મોહંમદ અને આપની આલે અત્હર (સ.અ.) પર સલવાતો સલામ પઢવા એ વલાયત છે.** જિસ્માની બીમારી જે ગુનાહોને જલાવવાનું કામ કરે છે તે જો બરાત મુજબ હોય તો જિસ્માની તંદુરસ્તી સાથે ઈમાનદાર રહેવું વલાયત છે. તકબ્બુરી, હસદ અને હિર્સ જેવી શયતાની ખસલતોથી બચવું બરાત છે તો દિયાનતદારી, પરહેઝગારી અને ખિદમત ને અપનાવવું વલાયત છે. ★

## -::: શબે બરાત :::-

**લયલતુન્નિસ્ફના** બાતિની મતલબ અને અંદરૂની સમઝને અપના દોઆતે કિરામ-હુદૂદે એઝામે અજીબ તરીકાથી તેહરીર ફરમાવી છે. આ રાતનો મતલબ જ એ છે કે જે શહરે શાઅબાનના બે ટુકડા કરે; તેની આગલની ૧૪ રાતો અને પછીની ૧૪ રાતોમાં. આગલની ૧૪ રાતો રોશનીની રાતો છે કે જેના આખરી છેડા પર ચાંદની રોશનીની કમાલીયત હોય છે અને પાછલી ૧૪ રાતો રોશનીના ખતમ થાવાની રાત છે જેના પૂરા થાવા પર રોશની ગાઈબ થઈ જાય છે. અહલે હકીકતને નઝદીક આગલી રાતો તન્ઝીલના સાહબની રાતો છે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને પાછલી રાતો તાવીલના સાહબની રાતો છે જે મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. **લયલતુન્નિસ્ફથી** શાઅબાનની ૩૦ દિનની ગિન્તીમાં કુસૂર આવી જાય છે. યાઅની કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું, "**મા તમ્મા શાઅબાન વ મા નકસ રમઝાન,** શાઅબાન તમામ નથી થાતા અને રમઝાન નુકસાન વાલા નથી થાતા. આ રાતને ઝાહિરની માઅનામાં શબે બરાત યા લયલતે બરાત યાઅની કે આઝાદીની રાત પણ કહે છે. અલ્લાહતઆલા આ રાતે બંદાઓના આઅમાલ એની કઝાઓ કદર મુજબ શું થાનાર છે તે તેહરીર ફરમાવે છે. આ રાત બંદાની પોતાની ઝાતનો એહતેસાબ યાઅની આઅમાલના હિસાબ-કિતાબ અને જાએઝાની રાત છે. અલ્લાહતઆલાએ આલમે બાલામાં શર યાઅની બુરાઈને પૈદા કીધી નથી, પણ બંદાએ અલ્લાહતઆલાના ફરમાન અને અહકામની પૈરવી તર્ક કીધી એના સબબ ઝુલમત અને નાફરમાનીના ભઁવરમાં ફસાઈ ગયો અને જે ચીઝ જે મુનાસિબ જગાને લાયક હતી તેમાં ન મુકતા તેને ઈતર-વિતર, ઝૈરો-ઝબર કરી નાંખી, તેથી બુરાઈમાં પટકાયો. હક્કના સાહબોનો હક્ક ન જાણો. મકામના દરજાના સાહબને ન પહેચાના. ઝિદ, હઠધરમી, તકબ્બુરી, ગુરૂર અને ગદ્દારી પર ઉતરી આવીને પોતાની મનમાની કરવા લાગો જેના સબબ અલ્લાહની ઈનાયત અને ફૈઝથી દૂર થાતો ગયો.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**જે શખ્સ " હું નથી જાણતો " કહેવાનું મુકી દે તો તે હલાક થઈ જાય.**

*(પેજ નં. ૨ નું બાકી)* ***બરાત-આઝાદી.....***

ગુનાહ પર સવાર થાવાના સબબ તેનો પગ ફિસલી ગયો અને નીચી જગાએ જઈને પટકાયો. **હવે જે પોતાનું હાડકું તોડે તે જ જોડે.** જે બાઝીને બીગાડે તે બનાવે. આ અઝીમુશ્શાન રાતમાં હક્કની રાહ પરથી ફિસલી જાનાર બંદા વાસ્તે તૌબા, નદામત અને પસ્તાવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. ★

## -::: કિબ્લએ ઈસ્લામ - કાઅબતુલ્લાહ :::-

શાઅબાનુલ કરીમ સુન્નતના મહીના તરીકે માઅરૂફ છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો દિલી શૌક હતો કે, આપને આપના બાવાઓ અજદાદ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) નો કિબ્લો મીલે. તેના સબબ આપ આસમાનને તરફ વહ્યે ઈલાહી ના ઈન્તેઝારમાં જોતા રહેતા હતા. આખિરકાર ૧૫ શાઅબાન ૨ હિ. મંગલવારે આપના શૌક મુતાબિક ફરમાને ખુદા આવું કે, **"ફવલ્લે વજહકા શતરલ મસ્જિદિલ હરામ,"** તમેં મસ્જિદે હરામની તરફ રૂખ કરો. આપ (સ.અ.વ.વ.) પહેલે મક્કામાં ૧૩ વરસ તક અને તે બાદ મદીનામાં ૧૭ મહીના તક બયતુલ મુકદસ તરફ રૂખ કરીને નમાઝ પઢતા રહ્યા. યહૂદીઓ આપને તાઅનો આપતા, મઝાક કરતા કે, મોહંમદ હમારા મઝહબની મુખાલેફત તો કરે છે પણ નમાઝ હમારા કિબ્લાને રૂખ કરીને પઢે છે. કુરૈશના મુશ્રિકો કહેતા કે, મોહંમદ પોતે ઈબ્રાહીમી મિલ્લતમાંથી હોવાનો દાઅવો તો કરે છે પણ ઈબ્રાહીમી કિબ્લા કાઅબાને બદલે બની ઈસ્રાઈલના કિબ્લા બયતુલ મુકદસની તરફ ઈબાદત કરે છે. આ તમામ વાતોથી આપને ઈઝા પહોંચતી. આપે દોઆ કીધી કે, **અલ્લાહ આપને તે જ કિબ્લાથી નવાઝે જેને ઇબ્રાહીમ (અ.સ.) એ તાઅમીર કીધા હતા.** આપની દોઆ મુસ્તજાબ થઈ અને હુકમે ઈલાહી પણ એ જ મુજબ થયો કે, હવે તમેં તમારી ઈબાદત વાસ્તે મસ્જિદે હરામ તરફ રૂખ કરો. આ ફરમાન થયું તે વક્ત આપ ઝોહરની બે રકાત પઢી ચુકા હતા, તો બાકીની બે રકાત આપે મસ્જિદે હરામ તરફ મોતવજ્જેહ થઈને અદા કીધી. તે વક્ત અહલે ઈસ્લામે આપ (સ.અ.વ.વ.) ને અરઝ કીધી કે, અય નબીયલ્લાહ, આપ હમને બતાવો કે, ભલા જે નમાઝો હમેં બયતુલ મુકદસને તરફ રૂખ કરીને પઢેલી છે તે નમાઝનું શું ? આપે ફરમાવું કે, અલ્લાહ એવો નથી કે તમારા ઈમાન યાઅની તમારી નમાઝને ઝાયેઅ કરે. આ પણ અલ્લાહનું ફરમાન છે અને આ પહેલા પણ અલ્લાહનું જ ફરમાન હતું. બેવે હાલતમાં તમારી નમાઝ અલ્લાહ કુબૂલ કરશે. બેશક અલ્લાહ લોગો ઉપર ઘણો મહેરબાન અને રહેમત કરનાર છે. ★

**-::: અઝીઝો દવા છે જિહાલતની ઈલ્મ, હુસ્નુસ સવાલ નિસ્ફુલ ઈલ્મ :::-**

## આકેલાના સવાલ અડધું ઈલ્મ છે.

"અલ-હાદી" ના ગયા મહીનાના શુમારામાં જે મઝામીન (લેખો) આપવામાં આવા હતા તેમાંથી ૫ સવાલાત નીચે આપેલા છે. કારેઈનથી ઈરશાદ છે કે, આ સવાલોના જવાબો પોસ્ટ કાર્ડ પર લખી યા e-mail કરી યા રૂબરૂ આવી નીચે આપેલા હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ મી તારીખ પહેલા મોકલી આપે. જવાબો સાથે પોતાનું નામ, સરનામું અને ફોન (હોય તો) સાફ સુથરા હુરૂફમાં લખે. ૨૦ મી તારીખે હમેં તમામ જવાબ આપનારમાંથી તેનો જ ઈન્તેખાબ કરીશું જેના **કમમાં કમ ૪ જવાબો** સાચા હશે. તે બાદ ડ્રો થાશે અને જે ખુશકિસ્મત નું નામ તેમાં નીકલશે તેનું નામ હમેં ઈન્શાઅલ્લાહ "અલ-હાદી" ના આવતા મહીનાના શુમારામાં સહીહ જવાબો સાથે ઝાહિર કરીશું. તો બિસ્મિલ્લાહ બોલો, કલમ ઉઠાવો, યકીન સાથે જલ્દીથી જવાબો લખી મોકલી આપો :

(૧) મૌલાઈ ઈસ્હાક (અ.સ.) કોના ફરઝંદ છે ?

(૨) "બિસ્મિલ્લાહ" પઢવાથી અલ્લાહ કોના વાસ્તે અઝાબથી અમાન-નામું લખી આપે છે ?

(૩) "ગુસ્સો" ના મઝમૂનમાં કયા ઈમામો ના કિસ્સા બયાન કરવામાં આવેલા છે ?

(૪) રજબ મહીનાના કેટલા વરસના રોઝા રાખવાથી અલ્લાહ બંદાના અમલને નવા કરી દે છે ?

(૫) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બે બાઝુ બનીને કોએ આપના પાછલ નમાઝ પઢી ?

**ગયા શુમારાના જવાબો :**

(૧) મુરદાર જાનવર, ખૂન, સૂવરનો ગોશ્ત. (૨) સબ્ર કરીને રોઝું રાખનારનો સવાબ. (૩) અલ્લાહના દાઈ,અલ્લાહના નૂરથી જોઈ છે. (૪) ઈમાનનું માથું સબર છે અને અલ્લાહ સબર કરનારને સાથે છે. (૫) મુશ્કો અંબર (અહલે બૈત (અ.સ.) ના મોહિબ્બો). ★

**ઘરને બનાવવામાં ચોરીનો એક પત્થર પણ તેને બરબાદ કરી દેશે.**

## -::: કહેવામાં અને કરવામાં ફરક હોય છે :::-

જમાઅતના કેટલાય મુમેનીન એક વાત બોલતા હોય છે કે, “સાહબે દાઅવત યા જમાઅતે મારા વાસ્તે શું કીધું ?” અરે ભાઈ ! બોલવું બહુ આસાન છે પણ કરવું એટલું જ દુશ્વાર છે. આકિલ અને બુધ્ધિ ધરાવનાર શખ્સની અકલ એની ઝબાનને આગલ હોય છે, પહેલે સોચશે પછી બોલશે! આનાથી ઉલટું બુધ્ધુ શખ્સની સોચ એની ઝબાનને પાછલ હોય છે. પહેલે બોલશે પછી સોચશે કે એ ખોટું બોલો ! આવા કમ અકલ શખ્સો બીજાએ એના વાસ્તે શું કીધું એ પહેલા જોશે, મગર પોતે બીજા વાસ્તે શું કરે છે એની પરવા નહીં કરે! બસ, પોતાનાથી જે કામ ન થાય તેના ઝિમ્મેદાર બીજાને ગણવા એ જ એનું કામ હોય છે.

હર અલવી મુમિન જમાઅતનો એક મેમ્બર છે, હિસ્સો છે અને જમાઅતને ઉપર લાવવા વાસ્તે એકલા યા સામુહિક રીતે કામ કરવું બધાની ફરઝ છે. **કહેવા કરતા કરીને બતાવવું વધારે લાભદાયક અને ફલદાયક છે.** મસ્જિદમાં નમાઝ દૌરાન વાતોને બંધ કરાવવી, નમાઝમાં સુન્નત-નાફેલતની ચોરીને અટકાવવી, કબ્રસ્તાનમાં લોગોને સદકલ્લાહ વાસ્તે બેસાડવા, હાજીઓને કૌમી લિબાસ પહેરવા તરફ હોંશ અપાવવો અને દાઢી રખાવવી, નવજવાન તબકાને મજલિસો - વાઅઝો - બેહરમોમાં લાવવા, બૈરોને રિદામાં નીકલવાની તાકીદ કરવી, મોબાઈલ-ઈમેલ-ઈન્ટરનેટ-ચેટીંગ વગેરાનો વધારે પડતો ઉપયોગ અટકાવવો, બચ્ચાઓને દીની તાઅલીમ બરાબર આપવી, દિકરીઓને ઘર અને ઘરેલું કામકાજની ખિદમત કરવાના સબક આપવા, મોહર્રમમાં અલમ નીકાલવાની બિદઅત, સડક પર માતમ કરવાનો નારવાઁ અમલ યા અંગારા પર ચાલવાની બેવુકૂફીને રોકવી, મુમેનાતને મસ્જિદમાં નમાઝ પઢવાની તાકીદ કરવી, વગૈરા એવા ઘણા કામો છે જે મુમેનીન ચાહે તો સાથે મીલીને કરી શકે છે. એમાં કોઈના કહેવા, ન કહેવાનો સવાલ જ નથી. શરીઅત મુજબ જે હરામ છે અને જમાઅતમાં જે બિદઅતો છે તેના પર રોક-થામ કરવી જમાઅતના હર શખ્સની સરખી ઝિમ્મેદારી છે.

ઝિમ્મેદારીઓથી દૂર ન ભાગો. ફરઝને ન ટાલો. આ રીતે તમેં તમારા ટારગેટ તરફ નહીં પહોંચી શકો. આમ તમારા ઝહેનમાં ફિકરની આગ જંગલની આગ જેમ ફેલાશે. તમેં તમારી ફરઝોને ટાલી રહ્યા છો એ વિચાર જ તમારા મનને સતત કોસતો રહેશે અને તમારામાં ખોટી ચીઝને રોકવાની બચેલી-કુચેલી હિમ્મત પણ હશે ને તે પણ ઝૂંટવાઈ જશે. **આના કરતા તો બહેતર એ થાય કે, તમારી આ હિમ્મતથી તમારી જવાબદારીઓનો સામનો કરો.** આનો મતલબ એ પણ નથી કે, બીજાને બતાવવા કે જો હું કઈ કરી રહ્યો છું અને મનને મનાવવા તમેં રોઝ-બરોઝ નવી નવી જવાબદારીઓનો બોઝો તમારા પર ઉછીનો લઈ લો. સાદી ઝબાનમાં કહીએ તો, આફત વહોરશો નહીં, દુઃખ ખરીદશો નહીં. આના કરતા તો સારૂં એ છે કે, જે તમારી ઝાતી જવાબદારીઓ હોય તેને પહેલે પૂરી કરો પછી બીજા ઓછા એહમીયતના કામો તરફ નઝર કરો.

બધા અંબિયા (અ.સ.) ઈસ્લામ ફેલાવવાનું આઅલા મીશનને લઈને આવા. તમામે પોત-પોતાની ઝિમ્મેદારી પૂરી કીધી, હવે જે વકત રસૂલૂલ્લાહ (સ.અ.વ.વ.) પધારા તો આપે આ મીશન ઉપર મોહર મારી, પૂરું કીધું અને ઈસ્લામને પૂરા આલમના કોણે-કોણા માં લોગોના દિલોમાં ઉતારું. **આપનું આ ઇસ્લામી મીશન ભારીમાં ભારી હતું અને આપે બાખૂબી તેના પર અમલ કીધો.** દૂનિયામાં એવો કોઈ શખ્સ નથી જેને ફિકર ન હોય યા જેના ખભા ઉપર ઝિમ્મેદારી ન હોય. જો આમ ન હોય તો એ દુનિયામાં જ ન કહેવાય. પણ જો જવાબદારીઓને સાથે ગોલ સેટીંગ(ધ્યેયને નક્કી કરવું), ટાઈમ મેનેજમેન્ટ (વકતમાં તન્ઝીમ લાવવી) અને વર્ક પ્રેફરેન્સ (કયું કામ પહેલે કરવું અને કયું પછી કરવું) ને અપનાવવામાં આવે તો મોટા મોટા કામો પણ આસાન બની જાય છે.

રબ્બે યસ્સિર વલા તોઅસ્સિર. ★

**જો ઈબાદતગુઝારને માઅલૂમ પડે કે નમાઝમાં એના ઉપર ખુદાની કેટલી રહેમત ઉતરે છે, તો એ સજદામાંથી પોતાનું માથું ઉંચું કરે જ નહીં.**

**જે વકત જવાબો ઘણા આવવા લાગે તો સાચો જવાબ છુપાઈ જાય છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

- ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને જાનવરોની ખાલોમાંથી લિબાસ બનાવવાનો સવાલ કરવામાં આવો. આપ (અ.સ.) એ ફરમાવું કે, જે જાનવરોનો ગોશ્ત જમવું હલાલ નથી તે તમામની ખાલોમાંથી બનેલા લિબાસને નમાઝમાં પહેરવામાં આવે નહીં ન કે અના ઉપર સજદો કરવો દુરૂસ્ત થાય. નરેરા અને વેહશી જાનવરોની ખાલોના વેપાર કરવો હરામ છે.
- આપ (અ.સ.) એ ફરમાવું કે, તે હરએક ચીઝ જે ઈન્સાનના બાલોમાંથી બનેલી હોય તેને પહેરાય નહીં. તે હરએક ચીઝ જે ઈન્સાનના બદનમાંથી ખીરે છે તે મુરદાર છે. જે ઝિંદા જાનવરના બદનમાંથી ખીરી હોય. હવે જે જાનવર પાકીઝા હલાલ હોય તેના બદન પરથી બાલ યા ઊન કાપવા જાઈઝ છે. આમાંથી બનેલા કપડાને પહેલા બરાબર ધોઈ તે બાદ તેને પહેરવામાં અને તેમાં નમાઝ પઢવામાં રૂખસત આવેલી છે. જેમ કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"વમિન અસ્વાફેહા વ ઔબારેહા વ અશઆરેહા અસાસન વ મનાઅન એલા હીન,"** યાઅની તે જાનવરોના ઊન, રૂવાઓ અને બાલોથી એક ખાસ વક્ત તક ઘર-સમાન અને ફાયદામંદ ચીઝો અલ્લાહએ બનાવી છે. ★

## -::: હૈઝની ઝિકિર :::-

- અહલુલ બૈત (અ.સ.) થી બયાન આવેલું છે કે, બૈરો જે વક્ત હૈઝદાર થાય યા સુવાવડના મરહલામાં દાખિલ થાય તો એના ઉપર રોઝા-નમાઝ હરામ થઈ જાય છે અને એના શૌહર ઉપર એના સાથે મુજામેઅત (હમ-બિસ્તરી) કરવું હરામ થઈ જાય છે. જે વક્ત બૈરો હૈઝના ખૂનથી અને સુવાવડના ખૂનથી પાકો સાફ થાય અને પાક પાનીથી ગુસુલ કરે, અગર પાની ન મીલે તો તયમ્મુમ કરે, આ તરહ પાક થાવા પછી **ગયેલા રોઝાને વાલે અને નમાઝને ન વાલે તેમજ એના શૌહર વાસ્તે હલાલ થાય છે.**
- ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, હૈઝદારની મુબાશેરતમાં રૂખસત છે યાઅની ડુંટીથી પગના ગુંઠન તક ના હિસ્સા સિવાય બૈરોના જિસ્મના બીજા હિસ્સાઓ ને શૌહર હાથ લગાવી શકે છે યા ચુમી શકે છે.
- ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, કોઈ શખ્સે પોતાના બૈરો જે હૈઝદાર હોય તેનાથી મુજામેઅત કીધી તો તેએ એવું કામ કીધું જે હલાલ ન હતું અને એવો અમલ કીધો કે જે શરીઅતની નઝરમાં તેનું કરવું વાજિબ ન હતું, તો તે શખ્સે અલ્લાહથી પોતાના ગુનાહ બખ્શાવવા જોઈએ અને પોતાની આ ખતાથી તૌબા કરવી જોઈએ અને જો કોઈ સદકો કરે તો બેહતર છે.
- હૈઝદારનું ખૂન બંધ ન થાય અને તે બૈરોને થોડી-થોડી મિકદારમાં ખૂન આવા કરે તો તે **"મુસ્તેહાઝા"** કહેવાય છે. હૈઝનું ખૂન ઈસ્તેહાઝાથી જુદૂ હોય છે. હૈઝનું ખૂન જાડું, મેલું અને બદબૂદાર હોય છે મગર ઈસ્તેહાઝા નું ખૂન પતલું અને પીલું હોય છે. જે વક્ત હૈઝનું ખૂન દેખાય તો જે મુજબ હૈઝદાર અમલ કરે છે તેમ એને અમલ કરવો જોઈએ. પછી જે વક્ત હૈઝનું ખૂન બંધ થઈ જાય તો ગુસુલ કરી લે અને નમાઝ પઢવાની ચાલુ કરી દે. હવે જો એ હૈઝ સિવાયના ખૂનને જોઈ તો કપડાનો ટુકડો યા રૂ લે અને શરમગાહની જગામાં મૂકી દે અને **હર નમાઝ પહેલા વુઝૂ કરે અને એ એના શૌહર વાસ્તે હલાલ થઇ ગઇ.**
- અહલુલ બૈત (અ.સ.) તરફથી સાબિતશુદા રિવાયત "મુસ્તેહાઝા" વાસ્તે એ આવી છે કે, આ તરહની બિમારીવાલા બૈરો વાસ્તે એ પસંદ કીધું છે કે, હર બે નમાઝ વાસ્તે ગુસુલ કરે યાઅની ઝોહરના વક્ત ગુસુલ કરે અને ઝોહર-અસરની નમાઝ પઢે અને પછી મગરિબના વક્ત ગુસુલ કરે અને મગરિબ-ઈશાઈલ આખેરતની નમાઝ અદા કરે અને ફજરનો વક્ત થાય તો ગુસુલ કરીને ફજરની નમાઝ પઢે. અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ ફરમાવું કે, અલ્લાહથી સવાબ-તલબીના મકસદથી કોઈ પણ મુસ્તેહાઝા મુમેના બૈરો આ મુજબ અમલ કરશે તો અલ્લાહતઆલા એને ઈસ્તેહાઝાની બિમારીથી શિફા બખ્શી દેશે. ★

**હુશિયાર-આકિલ તે છે જે હર ચીઝને પોતાની જગા ઉપર મુકે.**

**નૈકીઓ વધવાથી ખ્વાહિશોમાં કમી થાય છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

કલામે નબવીથી મુમેનીનને નસીહત મીલે છે કે, હર ઈન્સાનને પોતાના બચપનાથી લઈને એની બુઝુર્ગી તક ઈલ્મને હાસિલ કરવું જોઈએ. જિસ્મ હોય અને જો એની ગિઝા-જમનને બંધ કરી દેવામાં આવે તો એનો વુજૂદ, ફનામાં તબદીલ થઈ જાય. તે જ મુજબ જો મુમિનના નફસો જાનને શરીઅતનું ઈલ્મ હક્કના સાહબથી ન મીલે તો એની તરક્કી, પસ્તીમાં તબદીલ થઈ જાય. અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મે પુરઅન્વારના પાકીઝા પાનીથી સાહબે દાઅવત એક **કાશ્તકાર-ખેડૂત** બનીને અમલે સાલેહના આઅલા બીજથી મુમેનીનની દુનિયાની ઝિંદગીના ખેતરને સીંચવા અને આખેરત વાસ્તે **ફાયદામંદ ફસલ** તૈયાર કરવા હર વક્ત કોશિશ કરતા રહે છે. દરસે તૈયેબીની ઈબ્તેદા આ જ કોશિશે પયહમનો એક હિસ્સો છે. જેમાં અપની બુનિયાદ, અપના અકાઈદ, અપના દીનો દુનિયાના તરીકા અને અપની શરીઅતના મુખ્તલિફ પેહલૂને સીધી અને આસાન બયાનીથી સમઝાવવામાં આવે છે. દરસે તૈયેબીનો આ સિલસિલો ત્રણ મહીનાથી ચાલુ છે જેનો વક્ત નૂરાની મસ્જિદમાં હર શનિવારે અને તૈયેબી મસ્જિદમાં હર બુધવારે રાતે ૮:૧૫ વાગાનો છે. તો ઔલિયાઉલ્લાહ (અ.સ.) ના તારીખી વાકેઆત તેમજ આપની સીરત, સૂરત અને અખ્લાકના સબક સાથે નસીહતો હિકમતના રૂહાની ગૌહરને પોતાના દામનમાં સમેટવા. તથા તેનાથી આરાસ્તા થાવા, ઈલ્મનો ઝૌકો શૌક રાખનાર અને પોતાની ઝાતને નૈકીઓ તરફ લઈ જાવાનો જઝબો રાખનાર મુમેનીન બિલા કુસૂર દરસે તૈયેબીમાં શરીક થાય. જો કોઈ પકવાન સાફ-સુથરૂં હોય, ખુશબુદાર હોય તો એની લઝ્ઝત પણ એવી જ હોય, **તે જ મુજબ જો ઇલ્મ પાકો સાફ હોય, અલવી શાનવાલું હોય, હુસૈનીયતની ખુશ્બૂવાલું હોય તો એનાથી મુમેનીનને ફૈઝ પણ એવો જ હાસિલ થાય.** અલ્લાહતઆલા મુમેનીનને શૌકે દૌલતે દુનિયા કરતા પણ શદીદ શૌકે હુસૂલે ઈલ્મ ઈનાયત ફરમાવે. હવેથી દરસે તૈયેબીના ચંદ મરકઝી નુકતાઓ આ કોલમના ઝૈર બયાન કરવામાં આવશે જેથી તમામ કારેઈન ઈસ્તેફાદો લઈ શકે.

✳ અરબી ઝબાન અલ્લાહની ઝબાન છે, ફરિશ્તાઓની ઝબાન છે, અંબિયા (અ.સ.) ની ઝબાન છે. કુરઆન અરબી ઝબાનમાં છે અને તેને અરબીમાં જ પઢવા જોઈએ. કુરઆનની માઅના સમઝવા વાસ્તે ઈમામુઝ્ઝમાન (અ.સ.) અને આપની દાઅવતના હુદૂદ પર ઈમાન લાવવું ઝરૂરી છે.

✳ લિસાનુદ્દાઅવત યાઅની દાઅવતની ઝબાન અરબી ઝબાન છે. અપના મૌલાઈઓ ૧૮માં ઈમામ મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનામાં હિન્દુસ્તાનમાં આવા અને **ગુજરાતને દાઅવતનું મરકઝ બનાવું.** તે વક્તથી અરબી ઝબાનમાં યહાંની મકામી-લોકલ ઝબાનના અલ્ફાઝ ખલત-મલત થાતા ગયા. આ મુજબ આજે ૯૫૦ વરસ ની દરાઝ મુદ્દતમાં લિસાનુદ્દાઅવતમાં ફારસી, ઉર્દુ અને ગુજરાતીના અલ્ફાઝ મીલી ગયા. આજે અપને જે ઝબાન બોલીએ છીએ તેમાં અકસર અલ્ફાઝ અરબી ઝબાનના છે. હર દોઆત પોત-પોતાના વક્તમાં લોગોના ઝહેન મુજબ, લોગોને સમઝમાં આવે તેમ તકરીર-બયાની કરતા યહાં તક કે સૈયેદના શૈખઅલી સાહબ (ક.રૂ.) તક દાઅવતના હરમમાં અરબી ઝબાન બોલાતી હતી. સૈ.ફખરૂદ્દીન અને સૈ.બદરૂદ્દીન સાહબે (ક.રૂ.) અરબી ઝબાનમાં કસીદાઓ અને નસીહતો દરજ ફરમાવેલી છે.

✳ **"અબાબીલ"**, તે હક્કના પાક ઈમામો છે. **"સિજ્જીલ"** પત્થર, તે આપનું ઈલ્મે પુરનૂર છે. જેમ અબાબીલ પરિંદાના નાના-નાના ટોલાઓએ પોતાની નાની ચોંચોથી અબરહાના હાથીઓના તાકતવર લશ્કર પર પત્થર વરસાવીને તેને ફના ફિલ્લાહ કીધું, તે જ મુજબ હક્કના થોડા લોગો પોતાના ઈલ્મથી બાતિલ પરસ્તોની મોટી તાકતને તહસ-નહસ કરી નાંખે છે. કહાં મૌ.હુસૈન (અ.સ.) નો હક્ક અને કહાં યઝીદી તાકત !

✳ ઔલાદે મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ના નામો જિબ્રઈલ (અ.સ.) એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કહ્યા અને તે નામોનું અસલ **"હ-સ-ન"** છે યાઅની ખૂબસૂરતી, ખુશઅખ્લાકી અને નૈક ખસ્લતવાલા. જેવું હમારા ઈમામોનું નામ હતું તેવું જ એમનું કામ હતું. પછી તે મૌ.હસન હોય, મૌ.હુસૈન હોય યા મૌ.મોહસિન હોય યા આપની આલે અત્હર હોય. હમને આપની આલે પાકના ઝરીએ જ શિક્લો સીરતની બેહતરીન નેઅમતો મીલી છે.

✳ **"અદ્દીન કુલ્લોહુ મહબ્બતુન"**, દીન પૂરી તરહથી મહબ્બત જ મહબ્બત છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, દુનિયામાં હમારી મહબ્બત રાખનાર મુમેનીન ચમકતા સિતારાઓ જેવા છે, જે કાલી ઝુલમતવાલી રાતના આસમાનને ઝીનત બખ્શે છે. યાઅની કાલી રાત તે દુનિયામાં એવા લોગો છે જેના દિલો હમારી મહબ્બતથી ખાલી છે. ★

**ગુનાહને છોડવું, તૌબાને માંગવા કરતા વધારે હલકું છે.**

## -::: મદીનતુલ મસાઈલ :::-

**સવાલ : મસ્જિદ બગૈર જનાઝાની નમાઝ કબ્રસ્તાનમાં પઢાય કે નહીં ?**

**જવાબ :** સૈયેદી અમીનજી બિન જલાલ (આ.કુ.) ફરમાવે છે કે, જનાઝાની નમાઝ પઢનારાને આગલ અગર કોઈ કબર હોય તો મકબરા યા કબ્રસ્તાનમાં જનાઝાની નમાઝ પઢાય નહીં. આપે ફરમાવું કે કબરની હદ તે છે કે, નમાઝ પઢનારાને આગલ યા પાછલ અને તેના જમની યા ડાબી બાઝુ કબર હોય અને તે કબરને જોઈ શકતો હોય. આ હદમાં કબર હોય તો નમાઝે જનાઝા પઢાય નહીં.

**સવાલ : અહલુલ બૈત (અ.સ.) થી જનાઝાને ઉચકવાની શું અદબ આવેલી છે ?**

**જવાબ :** રઝાના સાહબ જનાઝાની નમાઝ તમામ કરે તે બાદ નમાઝીઓ પહેલે જનાઝાના ડાબા પગ તરફથી જનાઝાને ઊંચો કરે અને આહિસ્તા-આહિસ્તા ડાબા હાથ તરફ આવે અને તે બાદ ફીરીને જમના હાથ આગલ આવે અને તે બાદ ધીમે-ધીમે જમના પગ તરફ જાય. આ શાકેલતથી જનાઝાને ઉઠાવે. એટલે ડાબા પગથી ચાલું કરે અને જમના પગ પર પૂરૂં કરે.

**સવાલ : જનાઝાની નમાઝ પઢાવનાર ઇમામ જનાઝાને કઇ તરહ ઉચકે ?**

**જવાબ :** રઝાના સાહબ જનાઝાને જમના પગ તરફથી જનાઝાને થોડો ઊંચો કરે તે બાદ ડાબા પગ તરફથી એ જ મુજબ ઊંચો કરે.

**સવાલ : જે લોગો મૈયેતને દફન કરવાના વક્ત માટી નાખવાનો ઇરાદો ન રાખતા હોય તેઓ ફક્ત મસ્જિદમાં જનાઝો ઉચકી શકે ?**

**જવાબ :** અગર કોઈએ કબીલાની મસ્જિદમાં નમાઝે જનાઝા પઢી હોય અને દફન કરવાનો ઈરાદો ન રાખતો હોય તો એ જનાઝાને કાંધો દઈ શકે છે, પણ અગર કબ્રસ્તાનની મસ્જિદમાં નમાઝે જનાઝા પઢી હોય તો એના પર વાજિબ છે કે, મૈયેતના દફન ને વક્ત તેમાં માટીના ત્રણ ખોભલા નાંખી તેના ફાતેહા પઢીને જ ઘર તરફ જાય.

**સવાલ : રઝાના સાહબ પાછલ જે લોગો નમાઝે જનાઝા પઢે તે લોગો નમાઝના તકબીરાને દરમિયાન દોઆ પઢે યા નહીં ?**

**જવાબ :** નમાઝના ઈમામની દોઆ તકબીરાને દરમિયાન કાફી છે. એમાં પઢવાની દોઆઓ દાઅવત તરફથી શાયેઅ થયેલા અરબી-ગુજરાતી સહીફામાં તેહરીર કરવામાં આવી છે. તેથી તે દોઆઓને પઢવું પસંદીદાહ અને બાસવાબ છે.

**સવાલ : જે કોઇ વફાત થયું હોય તેની નમાઝ અને રોઝાની અદાયેગીનો શું કાનૂન છે ?**

**જવાબ :** મરહૂમના ફરઝંદો હોય યા બૈરો હોય યા દિકરીઓ હોય તો તેઓ મરહૂમના રોઝા-નમાઝ જે કઝા થયા હોય તેને અદા કરી શકે છે. મરહૂમ તરફથી દાઈઝઝમાનને જે રોઝાનો કફ્ફારો અદા થઈ ગયો હોય તે રોઝા અદા ન કરી શકાય. શહરે રમઝાનમાં મરહૂમ બીમાર રહ્યા હોય અને ઈદ બાદ ફૌરન ગુઝરી ગયા હોય તો એના વાસ્તે એ વરસના રોઝા વાલવા લાઝિમ નથી. અગર એના વારિસ એના કઝા થયેલા રોઝા-નમાઝની ગિન્તીથી વાકિફ ન હોય તો જ્યાં તક તેઓ તાકત રાખતા હોય તે મુજબ વાલી શકે છે.

**સવાલ : મૈયેતને ગુસુલ આપવાની શું કૈફીયત છે ?**

**જવાબ :** ગુસુલનું તફસીલવાર બયાન અરબી-ગુજરાતી સહીફામાં આપવામાં આવું છે. પણ ધ્યાનમાં લેવા જેવા બાઝ નુકતા આ મુજબ છે:

(૧) મૈયેતને ગુસુલ ખુલા આસ્માનમાં ન દે, પણ ચારે તરફ રિદા યા ચાદર નાંખી દે.

(૨) બૈરોને બૈરો જ ગુસુલ દે તે મુજબ મરદોને મરદો જ ગુસુલ આપે. ગુસુલ દેનાર પોતાના જમના હાથ પર કપડું લપેટી દે.

(૩) ગુસુલ દેતા પહેલા મૈયેતના ઘરવાલા હજ્જે બયતુલ્લાહને વક્ત આબે ઝમઝમમાં ધોયેલું કફન, આબે ઝમઝમ, ખાકે શિફા, ખાલિસ-મિલાવટ બગૈરનું ઈતર પાસે રાખે.


*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**ફકીરી, ઘણી સખ્ત મૌત છે.**

## -::: હમારા ચમકતા સિતારા :::-



ગુજરાત યુનિવર્સીટી તરફથી એપ્રીલ-૨૦૦૮ માં લેવામાં આવેલી B.Comm. ની ફઈનલ ઈમ્તેહાનમાં ભાઈ **ઈબ્રાહીમ શમ્સુદ્દીન વોહરા** હાલોલ ડીવીઝનમાં ફસ્ટ ક્લાસ પાસ થઈ પહેલો નંબર હાસિલ કીધેલો છે. અલ્લાહતઆલા હમારા ફરઝંદાને મિલ્લતે અલવીને આ જ મુજબ ઝફરયાબ કરે. ★



Brother **Hasnain Nasiralibhai Bhaisaheb** Studying in Faculty of Tech. & Engg., M.S.University, has secured first rank in Applied chemistry after the completion of 2nd Sem. of M.Sc. examination held on April 2008. ★



**Awakhalwala Husbana Husenibhai** has secured 67.09% with Grade : A in the final exam 2007-08 of Food & Nutrition (Dietetics Stream) for Bachelor of family & community Sciences . ★

## -::: ઝાહેર ખબર :::-

**સ્ટાર હેન્ડ એમ્બ્રોઈડરી ક્લાસીસ**

**ફરઝાના શમ્સુદ્દીન બાલડીવાલા,**

ગ્રાઉન્ડ ફ્લોર, સકીના ચેમ્બર્સ,

આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

મો. ૯૭૨૫૯૫૦૦૮૬ ★

❊ ઈન્કમટેક્ષ બચાવવા વાસ્તે ગેરન્ટેડ કંપનીઓમાં ઈન્વેસ્ટમેન્ટ કરી પૂરેપૂરૂં વલતર હાસિલ કરો.

❊ હમારે ત્યાં કોઈ પણ પ્રસંગ વાસ્તે મહેંદી પાડવાના ઓર્ડર લેવામાં આવશે.

**ઝાહેદાબેન : ૯૮૨૪૬૭૧૪૫૬** ★

R.T.O. અને ડ્રાઈવીંગ લાયસન્સ ના કોઈ પણ તરહના કામકાજ વાસ્તે મીલો

**દીલાવરભાઈ હઝારીવાલા**

હઝારીવાલા PCO, RTO કંપાઉન્ડ, વડોદરા.

સરનામું : ૩૧૦, એ બિલ્ડીંગ, બોરસલી એપા.,

આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.

ફોન : ૨૫૨૪૯૩૬, ૩૨૪૪૦૧૮ (સવારે ૧૦ થી ---)

મો. ૯૯૭૯૫૦૨૭૪૬ (રાત્રે ૮ થી ૧૦) ★

અમારે ત્યાં ખાટો-મીઠો, જીરાનો, લીંબુનો તથા લસણનો અચાર તૈયાર મીલશે. આ સિવાય બુંદીના લાડવા, બેસનના પાન, ગુંદરપાક, કોપરાપાક મીલશે તથા મલીદા-મીઠાઈનો ઓર્ડર લેવામાં આવશે.

**મીયાસાહેબ ફખરૂદ્દીન રંગવાલા**

દેવડી મુબારક સામે, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૧૭. ફોન (ઘર) : ૩૨૫૨૪૮૪

મો.: ૯૮૯૮૦૫૦૨૪૮ ★

Ismat Madam's

**Genius Personal Tuition Class**

Std.10 : Sanskrit, Gujarati, Hindi

(Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park,

Ajwa Road, Vadodara - 19.

M.: 9974405146 ★

Since 1994

**Vali Sir's Nazneen Madam's**

**LOKHANDWALA PERSONAL TUITION CLASS**

Personal Tuition for

K.G. to Std. 7 (Eng. & Guj. Med.) (All Subjects)

Std. 8 to 10 (Eng. & Guj. Med.) (All Subjects)

Std. 11 & 12 Commerce (Eng. & Guj. Med.) (All Subjects)

- **1/259, Gopal Colony, Rampark, Ajwa Road, Vadodara.**
- **Wadi, Badri Mohalla, Opp. Delawala House, Vadodara.**

Ph.: (R) 0265-2565715 (M) 992 4828 433.

**નાહક્ક ઝિદ્દ, સહી રાયને દૂર કરે છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

### કબ્ઝીયાત - (Constipation)

* આમ તૌર પર નાના બચ્ચાઓમાં (૧ મહીના થી ૧ વરસ દરમિયાન) કબ્ઝીયાત ની તકલીફ થાતી નથી. મોટી ઉંમરના બચ્ચાઓમાં (૧ વરસથી ઉપર) આ તકલીફ પૈદા થાવાનું કારણ એના જમવામાં થતા ફેરફાર ને લીધે હોય છે.
* અગર કોઇ સબબ થી નાના બચ્ચાને માઁ નુ દૂધ નથી આપવામાં આવતું તો તે બચ્ચાને બોટલનું દૂધ આપવાથી કબ્ઝીયાતની તકલીફ ઘણા cases માં જોવા મીલે છે.
* ઉપરના દૂધ માં અને માઁ ના દૂધમાં ઘણો ફરક હોય છે, જેમકે માઁ ના દૂધમાં Protein content કમ હોય છે, lactose ઝિયાદહ હોય છે અને પાની ની મિકદાર પણ વધારે હોય છે. માઁના દૂધમાં આ મુજબ ની protein, lactose અને પાનીની મિકદાર નાના બચ્ચાંની જઝબ (absorb) અને પચાવવાની (digestion) તાકત યા Capacity ને મુનાસિબ હોય છે.
* ઉપરના દૂધમાં (ગાય-ભેંસનું દૂધ) Protein નું content વધારે હોય છે જેના સબબ બચ્ચાને digest કરવામાં મુશ્કેલી પડે છે. Lactose અને પાની ની મિકદાર કમ હોય છે જેના સબબ બચ્ચાંને કબ્ઝીયાતની તકલીફ થઇ શકે છે.
* હંમેશા જે વક્ત ઉપર નું દૂધ આપવાની ઝરૂરત પડે તો દૂધમાં પાની મીલાવીને આપવું બચ્ચાને વાસ્તે ફાયદામંદ છે.
* ઘણી વક્ત ઉપરના દૂધને બાવુજૂદ નાના બચ્ચાને બાઝારમાં મીલતા feeding formula (cerelac) આપવામાં આવે છે જે કબ્ઝીયાતનું કારણ છે. આવા cases માં યા તો feeding formula બદલી નાંખવું યા બંધ કરી દેવું.
* અગર મોટી ઉંમરના બચ્ચાંને આ તકલીફ હોય તો એના ખોરાકમાં તબદીલી લાવવાની ઝરૂરત છે. Fruits, Vegetables, Fibre diet (salads) આપવાથી કબ્ઝીયાતમાં રાહત થાય છે.
* ૨ થી ૨.૫ વરસની ઉંમરે બચ્ચુ Toilet Training ને વાસ્તે તૈયાર થાય છે. આ ચીઝ ને વાસ્તે બચ્ચાં પર ઝોર ઝબરદસ્તી કરવી ના મુનાસિબ છે. વધારે પડતું emotional pressure ના કારણે પણ કબ્ઝીયાત થઇ શકે છે.
* જે હદ તક મુમ્કિન હોય તે હદ તક બચ્ચાને બાઝારમાં મીલતા કબ્ઝીયાતના formula યા ચૂરણ યા laxatives આપવા નહી. આ બધી ચીઝો કબ્ઝીયાત ને ઘણા કમ વક્તમાં દૂર કરે છે મગર વક્ત જાવા પર બચ્ચાને નુકસાન કરે છે અને એને chronic constipation થઇ શકે છે.
* નાના બચ્ચાની મોટા ભાગની તકલીફોની દવા માઁ નું દૂધ છે અને હર માઁ પર વાજિબ છે કે, પોતાના બચ્ચાને ૧-૨ વરસ તક પોતાનું દૂધ આપે.
* અગર બચ્ચું માઁ નું દૂધ બરાબર લેતું હોય તો તેને ૬ મહીના તક માઁ ના દૂધ સિવાય બીજી કોઇ ચીઝની ઝરૂરત પડતી નથી. માઁ નું દૂધ એને વાસ્તે સઘલી ચીઝો મોહય્યા કરે છે.
* અગર બચ્ચાને સખત કબ્ઝીયાત થઇ જાય અને ૨૪ કલાક તક યા એનાથી ઉપર એને કુદરતી હાજત યા ગેસ પાસ (વા છૂટ) ન થાય અને અગર તેને સાથે ઉલ્ટીઓ થતી હોય અને પેટમાં બરદાશ્ત ન કરી શકાય એવું દર્દ હોય તો વક્ત ઝાયેઅ કીધા બગૈર બચ્ચાને નઝદીકના paediatrician પાસે લઇ જાવું ઝરૂરી છે. આ cases માં Intestinal obstruction (આંતરડા માં રૂકાવટ) હોય શકે છે.
* આ સઘલી તરકીબો ઇસ્તેમાલ કરવાને બાવુજૂદ અગર બચ્ચાને કબ્ઝીયાતની તકલીફ દૂર ન થતી હોય તો હોમીયોપેથિક ઇલાજ શરૂ કરવો ફાયદામંદ છે. ★

**હરએક ઈન્સાન વાસ્તે અંજામ છે, મીઠો યા કડવો.**

(પેજ નં. ૭ નું બાકી) **મદીનતુલ મસાઈલ.....**

(૪) મૈયેતના જિસ્મ માંથી બાલ, નખ યા બીજી કોઈ ચીઝ કોઈ હાદેસાના સબબ નીકલી ગઈ હોય તો તેને કફનમાં મૂકી દે.

(૫) કફન બંધ કરતા પહેલા દાઅવતે શરીફાહ માંથી મૈયેતની તાઅવીઝ ઝરૂર હાસિલ કરે.

(૬) અગર મૈયેત નાનો ફરઝંદ હોય તો તેની ખતાનત કરવી ઝરૂરી છે.

(૭) મૈયેત નઝદીક કોઈ ચીઝ પીએ યા જમે નહીં.

(૮) મૈયેતને ગુસુલ દેનાર સિવાય અગર કોઈ મૈયેતને હાથ લગાવે તો તેના ઉપર ગુસુલ વાજિબ થઈ જાય છે. જો અગર કપડા-ચાદરમાં મૈયેત લપેટેલું હોય તો ઉચકવામાં-મુકવામાં કોઈ હરજ નથી.

(૯) મૈયેતના જિસ્મ પર કાલા ધાગા-દોરા હોય તો તે નીકાલી નાંખે. અગર હાથમાં કડા યા બેડી હોય તો તેને પણ તોડી યા નીકાલી નાખે.

(૧૦) ગુઝરનાર શખ્સ અગર એના નઝદીકના સગાવહાલા માંથી કોઈને ગુસુલ કરવાની વસીયત કરી જાય તો એને બજા લાવે.

(૧૧) પાનીમાં ડૂબવાથી મૈયેત થયું હોય યા આગમાં જલી જાવાથી મૌત થયું હોય યા કોઈ પણ હાદેસામાં જલી જાવાથી મૌત થયું હોય તો તેની હકીકત સાહબે દાઅવત નઝદીક બયાન કરે જેથી ગુસુલ વાસ્તેની ઝરૂરી હિદાયાત આપી શકાય.

(૧૨) ગુસુલ દેનાર પર લાઝિમ છે કે, મૈયેતના જિસ્મના ઐબની કોઈ વક્ત ઝિક્ર ન કરે અને ગુસુલ દેતી વક્ત કરાહીયત ન કરે.

(૧૩) જનાબતદાર મરદ-બૈરો અને હૈઝદાર બૈરો મૈયેતને ગુસુલ ન આપે.

(૧૪) મરદ પોતાના બૈરોને યા બૈરો પોતાના મરદને ગુસુલ દઈ શકે છે.

(૧૫) ગુઝરનાર મરદ એવી જગા પર ગુઝરી જાય કે જ્યાં સઘલી બૈરો જ હોય, કોઈ એને ગુસુલ દેનારી મેહરમ ન હોય યા એવા બૈરો ગુઝરી જાય જ્યાં સઘલા મરદો જ હોય જેમાં એનો કોઈ મેહરમ ન હોય તો આ બેવે હાલતમાં મૈયેતને ગુસુલ બગૈર દફન કરી દેવામાં આવે.

(૧૬) કોઈ શખ્સ જનાબતની હાલતમાં ગુઝરી જાય યા કોઈ બૈરો હૈઝની હાલતમાં ગુઝરી જાય તો મૈયેતનો ગુસુલ એને કિફાયત થઈ જાય છે.

**સવાલ : મૈયેતને ક્યારે દફન કરવામાં આવે ?**

**જવાબ :** સાહબે દાઅવતની એ જ કોશિશ રહે છે કે મૈયેત જલ્દ અઝ જલ્દ દફન કરી દેવાય. અહલુલ બૈત (અ.સ.) થી ફરમાન છે કે, અગર કોઈ રાતમાં યા દિન ના શુરૂ થાતા ગુઝરી જાય તો એને તે દિનના ઝવાલ પહેલા સિપુર્દે કબર કરી દો. કોઈ દિનના આખિરી હિસ્સામાં યા સાંજે ગુઝરી જાય તો એની રાત કબરમાં થાવી જોઈએ. કોઈ ડૂબી ને મરી જાય તો એને એક દિન અને એક રાત રાખવામાં આવે પછી મૌતનું યકીન થાય તો ગુસુલ આપવામાં આવે. કોઈ આગમાં જલીને મરી જાય તો એના મૌત પર પહેલા યકીન કરે પછી એના જિસ્મ ઉપર ફક્ત પાની નાંખીને ગુસુલ આપે. કોઈના ઉપર વીજલી પડવાથી યા કરંટ લાગવાથી સદમો પહોંચે યા બેહોશ થઈ જાય તો ત્રણ દિન તક એને રાખવામાં આવે. અગર એના મૌતનું યકીન પુખ્તા થઈ જાય તો દફન કરવામાં આવે. ★

**રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, ત્રણ ચીઝો જાહેલીયતના અમલો માંથી છે અને કયામત ઉઠશે ત્યાં તક લોગોમાં આ જાહિલાના તરીકો ચાલુ રહેશે. (૧) સિતારાઓથી પાનીને તલબ કરવું, વરસાદ માંગવો. (૨) કબીલાઓ-ખાનદાનોને દરમિયાન નાઈત્તેફાકી, ઝઘડા, તાઅનાબાઝી અને ખૂંરેઝી થાવી. (૩) મૈયેત ઉપર નૌહા કરવા, શિકાયત કરવી. ★**

**ઈન્સાન પોતાની ઝબાનને નીચે છુપેલો હોય છે.**

## -::: સૂરએ યાસીનના જિસ્માની અને રૂહાની ફાયદાઓ :::-

સૂરએ યાસીન પઢવામાં અલ્લાહતઆલાએ ૧૦ બરકતો મુકેલી છે. (૧) જે કોઈ ભૂખો હોય તો અલ્લાહતઆલા એને જમનના અસ્બાબ મોહય્યા કરી, એને સૈરાબ કરે. (૨) જે પ્યાસો હોય એની તરસને બુઝાવે. (૩) જે બેપરદા હોય એને લિબાસ આપે. (૪) જે એકલો-તનેતન્હા હોય, એના વાસ્તે શાદીનો તરીકો ખોલી આપે. (૫) જે ખૌફ-ડરમાં હોય એને અમ્નો અમાન આપે. (૬) જે મરીઝ હોય એને શિફા અને આફીયત બખ્શે. (૭) જે કૈદી હોય એને કૈદની દુશ્વારીથી રિહા કરે. (૮) મુસાફિરને એની સફરની તકલીફમાં રાહત આપે. (૯) મૈયેત પર યા કબ્રમાં સુનાર પર અગર કોઈ આ સૂરત પઢે તો અલ્લાહતઆલા એને મૌતની મેહનતો અને અઝાબની શિદતથી મહફૂઝ કરે. (૧૦) અગર કોઈ ગુમ્રાહ શખ્સ આ સૂરત ની તિલાવત કરે તો અલ્લાહ એને રાહે હિદાયત બતાવે.

શું સૂરએ યાસીનની આ તમામ ફઝીલત અને બરકત જાણા બાદ પણ હકીકી મુમિન જે વકત મસ્જિદમાં નમાઝને વાસ્તે હાઝિર થાય અને દાઅવતની વરસોની નહેજ-રસમ મુજબ ખુશ-ઈલ્હાન અને તરતીલથી ખિદમતગુઝારો યાસીન પઢતા હોય એને ઠોકર મારીને મસ્જિદને છોડીને ચાલા જાય યા ઘરનો ગોશો ઈખ્તિયાર કરે એ કેટલું મુનાસિબ છે ? શું અ અમલ કરનાર લોગો જાહિલોના માથા નથી કે એક અઝીમ જવાહિરની દૌલત મસ્જિદમાં લુટાઈ રહી હોય તો તેનો ઝખીરો કરવાના બદલે તેને રદ કરે તે કઈ અકલમંદી છે ?

તે કોઈ શખ્સ ચાહે કે અલ્લાહતઆલા એની રોઝી કુશાદા કરે અને દિલમાં પાકુ યકીન હોય તો સૂરએ યાસીન પઢા બાદ ૧૧૦ વાર **"ઇન્નલ્લાહ હોવર રઝ્ઝાકો ઝુલ કુવ્વતિલ મતીન"** પઢે.

તે કોઈ ચાહે કે એની દીનો દુનિયાની તમામ હાજતો પૂરી થાય તો સૂરએ યાસીન પઢા બાદ ૮૩૬ વકત **"ઇય્યાકા નાઅબોદો વ ઇય્યાકા નસ્તઇન"** પઢે.

તે કોઈ ચાહે કે એને ફરઝંદની દૌલત અલ્લાહતઆલા ઈનાયત કરે તો ૭૦૦૦ વકત **"અસ્તગફેરૂલ્લાહ"** ની તસ્બીહ કરે.

દોઆતે હક્કથી બયાન આવેલું છે કે, સૂરએ યાસીનને દૌરાન **"મોબીન"** કલેમો આવે તો ૧૦૦ વાર **"યા અલી અદરિકની, યા અલી અદરિકની"** પઢે. ★

## -::: ખરા મુમેનીન :::-

આખિરૂન્નબીયીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો અન્સારની એક જમાઅતની આબાદી નઝદીકથી ગુઝર થયો અને એ લોગો એક ઘરમાં જમા થયા હતા. આપે એ તમામ ઉપર સલામ પઢો અને ત્યાં થોડી વાર રૂકા, પછી ફરમાવું કે, તમેં સઘલા કેમ છો ? સઘલાએ અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ, **હમેં મુમેનીન છીએ.** આપે ફરમાવું કે, શું તમારા પાસે આ ચીઝને સાબિત કરવા વાસ્તે કોઈ હુજ્જત-દલીલ છે ? તેઓ બોલા કે, હાઁ ! આપે હુકમ કીધો કે, તમેં બયાન કરો. અરઝ કીધી કે, સેહલાઈમાં હમેં **અલ્લાહનો શુક્ર** કરીએ છીએ, બલાઓ મુસીબતમાં **સબર**થી કામ લઈએ છીએ અને અલ્લાહના હર ફેસલાથી **રાઝી** રહીએ છીએ. આપે ફરમાવું કે, બિલા શક તમેં જ છો, યાઅની તમેં જ ખરા મુમેનીન છો. ★

**ફરઝ પૂરા કીધા બગૈર નાફેલત કામ નહીં લાગે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★